## નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

## તા.૧૮/૦૭/૨૦૨૨ થી ૨૪/૦૭/૨૦૨૨

<table>
<tr><td>કચેરી/ શાખા /</td><td>કરેલ સારી કામગીરી</td></tr>
<tr><td colspan="2">ધોલાઈ મરીન પોલીસ સ્ટેશન ખાતે ધોલાઈ ગામની વિલેજ વિઝીટ રાખવામાં આવેલ જેમાં ધોલાઈ ગામના માજી સરપંચ તથા અન્ય આગેવાનો હાજર રહેલ. મિટિંગ દરમ્યાન ગામના પ્રશ્ન અંગે ચર્ચા કરવામાં આવેલ તેમજ તેમજ દરિયાઈ સુરક્ષા, તેમજ સિનિયર સીટીઝન તથા આવનાર તહેવાર અંગે સૂચનો કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td></td><td></td></tr>
<tr><td colspan="2">આજરોજ બીલીમોરા સોમનાથ મંદિર ખાતે આગામી શ્રાવણ માસ  અનુસંધાને  આગેવાનો સાથે મીટીંગ રાખવામાં આવેલ તેમજ ચર્ચા કરવામાં આવી.</td></tr>
<tr><td></td><td></td></tr>
</table>

## પ્રેસનોટ તા.૨૩/૦૭/૨૦૨૨

## ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કીની બોટલો કુલ નંગ-૫૬૯, કિ.રૂ.૪૬,૪૫૦/- ના પ્રોહી મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી નવસારી

મે.અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સુરત વિભાગ,સુરત નાઓ તરફથી ગેરકાયદેસર દારૂની હેરાફેરી તથા સેવનની તેમજ દારૂની ગેરકાયદેસરની પ્રવૃત્તિ અંકુશમાં લેવાના ઉદ્દેશથી પ્રોહીબીશન-જુગાર ડ્રાઈવનું આયોજન કરેલ. જે અન્વયે **શ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ, IPS, પોલીસ અધિક્ષક, નવસારી** નાઓએ **પોલીસ ઈન્સ્પેકટર ડી.એસ.કોરાટ,એલ.સી.બી નવસારી** નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

ઉપરોકત સુચનાઓ અંગે અસરકારક કામગીરી કરવા ડી.એસ.કોરાટ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી નવસારી નાઓએ એલ.સી.બી.સ્ટાફના અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓને પ્રોહીબીશન અંગેની હેરાફેરીની ગેરકાયદેસરની પ્રવૃતિ રોકવા ખાનગી બાતમીદારો રોકી બાતમી હકીકત મેળવી ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન થાય તેવી સુચના આપેલ હોય. જે અન્વયે **તા.૨૨/૦૭/૨૦૨૨** ના રોજ **પો.સ.ઈશ્રી. એસ.ટી.પારગી** નાઓ એલ.સી.બી.સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે ચીખલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી ગુના સબબ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન **HC શક્તિસિંહ સુખદેવસિંહ તથા PC રામજીભાઈ ગયાપ્રસાદ** નાઓને મળેલ બાતમી હકીકત આધારે મોજે ને.હા.નં-૪૮, આલીપોર વસુધરા ડેરી ઓવર બ્રીજના ઉત્તર છેડે આલીપોર હોસ્પિટલની સામે મુંબઈ થી સુરત તરફ જતી ટ્રેક ઉપર તા.ચીખલી, જિ.નવસારી ખાતે પોલીસ નાકા બંધી કરી આરોપી કોમલસિંગ દેવસિંગ રાજપુત, ઉ.વ.૨૩ હાલરહે. લીંબાયત, શ્રીનાથ ચાલ રૂમ નં.૧૨૫/૧૨૬ સુરત, મુળરહે-શિરપુર, કરવણનાકા, તા.શિરપુર, જિ.ધુલીયા (મહારાષ્ટ્ર) નાને તેમના કબજાના થ્રી વ્હીલ ટેમ્પો નંબર-GJ 05 AV 6938 માંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કીની બોટલો કુલ નંગ-૫૬૯ કિ.રૂ.૪૬,૪૫૦/- નો પ્રોહી મુદામાલ ગેરકાયદેસર વહન કરી લઈ જતા પકડી પાડી આરોપી પાસેથી કબ્જે કરેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો કયાંથી લાવેલ છે અને કોને આપવાનો છે? તે બાબતે પુછપરછ કરતા ગણેશ બાબરાવ પવાર રહે-સુરત નાએ દમણ ખાતેથી ઇંગ્લીશદારૂનો જથ્થો થ્રી વ્હીલ ટેમ્પો નંબર-GJ 5 AT 8993 માં એક કાળા કલરની પાણીની સિન્ટેક્ષ ટાંકીમાં ઇંગ્લીશદારૂનો જથ્થો ભરી સુરત ડીડોલી ખાતે પહોંચાડવા સારૂ આપેલ હોવાની હકીકત જણાવતા પકડાયેલ આરોપી તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબીશનનો ગુનો રજીસ્ટર કરાવેલ છે.

**(૧) પકડાયેલ આરોપી** :- કોમલસિંગ દેવસિંગ રાજપુત, ઉ.વ.૨૩ હાલરહે. લીંબાયત, શ્રીનાથ ચાલ રૂમ નં.૧૨૫/૧૨૬ સુરત, મુળરહે-શિરપુર, કરવણનાકા, તા.શિરપુર, જિ.ધુલીયા (મહારાષ્ટ્ર)

**(૨) વોન્ટેડ આરોપી પ્રોહી મુદામાલ ભરાવનાર તથા મંગાવનાર**-ગણેશ બાબરાવ પવાર રહે-સુરત તથા તપાસમાં નિકળે તેઓ વિગેરે

**(૩) કબ્જે કરેલ મુદામાલ :-**

(૧) ભારતીય બનાવટની વ્હીસ્કીની નાની બોટલો નંગ-૫૬૯ જેની કિ.રૂ.૪૬,૪૫૦/-નો પ્રોહી મુદ્દામાલ તથા (૨) અતુલ શક્તિ થ્રી વ્હીલ ટેમ્પો નંબર-GJ 05 AV 6938 કિ.રૂ.૫૦,૦૦૦/- તથા (૩) એક કાળા કલરની પાણીની સિન્ટેક્સ ટાંકી કિ.રૂ. ૫૦૦/- તથા (૪) અંગ ઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન-૧ કિ.રૂ.૫૦૦/- મળી કુલ રૂ.૯૭,૪૫૦/- નો મુદ્દામાલ

**(૪) સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી;-**

PI ડી.એસ.કોરાટ, PSI એ.આર.સુર્યવંશી, PSI એમ.આર.વાળા, PSI એસ.ટી.પારગી, HC શક્તિસિંહ સુખદેવસિંહ તથા PC રામજીભાઈ ગયાપ્રસાદ તમામ એલ.સી.બી નવસારી





eFIR ની સેવાઓ ગુજરાત પોલીસની Citizen First App (Android) અને સિટીઝન પોર્ટલ પર લોન્ચ કરવામાં આવી. જે અંગે નવસારી જિલ્લાના પોલીસ સ્ટેશન ખાતે પ્રચાર-પ્રસારના બેનરો  મુકવામાં આવ્યા.

| | |
|---|---|
|   |   |
|  |   |